# ચૂંટણીપંચ
## Election Commission

→ **અનુચ્છેદ-324** :– સંસદ, રાજ્ય વિધાનમંડળ, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિના પદોની ચૂંટણીના સંચાલન, નિર્દેશન અને નિયંત્રણ માટે ચૂંટણીપંચની સ્થાપના કરવામાં આવશે.

→ આમ, ચૂંટણીપંચ એક અખિલ ભારતીય સંસ્થા છે. કારણ કે તે કેન્દ્ર અને રાજ્ય સરકારો બંને માટે સમાન છે.

❖ **ચૂંટણીપંચની સંરચના :-**

→ ચૂંટણીપંચ મુખ્ય ચૂંટણી કમિશ્નર અને અન્ય 2 કમિશ્નરોનું બનેલું હોય છે.

→ મુખ્ય ચૂંટણી કમિશ્નર એ ચૂંટણીપંચના અધ્યક્ષ તરીકે કાર્ય કરે છે.

→ મુખ્ય ચૂંટણી કમિશ્નર અને અન્ય ચૂંટણી કમિશ્નરોની નિમણૂંક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

→ રાષ્ટ્રપતિ ચૂંટણીપંચની સલાહથી પ્રાદેશિક કમિશ્નરોની નિમણૂંક કરે છે.

→ ભારતના બંધારણમાં ચૂંટણીપંચના સભ્ય સંખ્યા વિશે કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

→ ઈ.સ 1950થી ઈ.સ 1989 સુધી ચૂંટણીપંચ 'એક સભ્ય' સંસ્થા તરીકે કાર્ય કરતું હતું જેમાં માત્ર મુખ્ય ચૂંટણી કમિશ્નર જ હોય.

→ 61માં બંધારણીય સુધારા–1989થી રાષ્ટ્રપતિએ મુખ્ય ચૂંટણી કમિશ્નરના કાર્યબોજમાં ઘટાડો કરવા 2 અન્ય ચૂંટણી કમિશ્નરની નિમણૂંક કરવામાં આવી.

→ ત્યારબાદ ચૂંટણીપંચ બહુસભ્ય સંસ્થા તરીકે કાર્ય કરવા લાગ્યું. જેમાં 3 ચૂંટણી કમિશ્નર હતા, પરંતુ ઈ.સ 1990માં અન્ય 2 ચૂંટણી કમિશ્નરના પદ સમાપ્ત કરવામાં આવ્યા. પરંતુ ત્યારબાદ ઈ.સ 1993માં ફરીથી અન્ય 2 ચૂંટણી કમિશ્નરની નિમણૂંક કરવામાં આવી. ત્યારથી અત્યાર સુધી કુલ 3 ચૂંટણી કમિશ્નર છે. (1 મુખ્ય અને 2 અન્ય)

→ ઈ.સ 1995માં સર્વોચ્ચ ન્યાયાલયએ બહુસભ્ય ચૂંટણીપંચને મંજૂરી આપી તથા મુખ્ય ચૂંટણી કમિશ્નરનો અધ્યક્ષ તરીકે સ્વીકાર કર્યો, પરંતુ તેનો હોદ્દો સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશની સમાન ગણવાનો ઈન્કાર કર્યો.

→ મુખ્ય ચૂંટણી કમિશ્નર અને 2 અન્ય ચૂંટણી કમિશ્નરો પાસે સમાન શક્તિઓ તથા તેમના પગાર, ભથ્થા પણ સમાન જે સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ સમાન છે. પણ જ્યારે આ બાબતમાં મતભેદ સર્જાય તો પંચ બહુમતીના આધારે નિર્ણય લે છે.

❖ **ચૂંટણીપંચના સભ્યોની યોગ્યતા :-**

→ ભારતના બંધારણમાં ચૂંટણીપંચના સભ્યોની યોગ્યતા દર્શાવેલ નથી. રાષ્ટ્રપતિ કોઈપણ વ્યક્તિને નીમી શકે છે.

❖ **ચૂંટણીપંચના સભ્યોનો કાર્યકાળ :-**

→ બંધારણમાં કોઈ ચોક્કસ કાર્યકાળ દર્શાવેલ નથી.

→ પરંતુ સામાન્ય રીતે 6 વર્ષ અથવા 65 વર્ષ બંનેમાંથી જે પહેલા હોય ત્યાં સુધી પોતાના હોદ્દા ઉપર રહી શકે છે.

→ તેઓ પોતાના પદ ઉપરથી રાજીનામું પણ આપી શકે છે.

GK Master 9537627593

❖ **ચૂંટણીપંચના સભ્યોને હટાવવાની પ્રક્રિયા :-**

→ મુખ્ય ચૂંટણી કમિશ્નરને માત્ર રાષ્ટ્રપતિ માટે વપરાતી મહાભિયોગ જેવી પ્રક્રિયા દ્વારા જ હટાવી શકાય છે, પરંતુ અન્ય 2 કમિશ્નરો અને પ્રાદેશિક ચૂંટણી કમિશ્નરોને રાષ્ટ્રપતિ મુખ્ય ચૂંટણી કમિશ્નરની સલાહથી હટાવી શકે છે.

→ મુખ્ય ચૂંટણી કમિશ્નરના પગાર, ભથ્થામાં તેના કાર્યકાળ દરમ્યાન કોઈ ફેરફાર કરી શકાતો નથી.

❖ **ચૂંટણીપંચના મુખ્ય કાર્યો :-**

→ સૌપ્રથમ કાર્ય ચૂંટણી મતવિસ્તારનું પરિસીમન અથવા સીમાંકન (Delimitation of Consituencies) જે દર 10 વર્ષના અંતરે થવાવાળી વસ્તી ગણતરી પછી કરવામાં આવે છે.

→ આ માટે 'પરિસીમન આયોગ'ની રચના કરે છે. તેના માટે મુખ્ય ચૂંટણી કમિશ્નર, 2 સર્વોચ્ચ ન્યાયાલય અથવા ઉચ્ચ ન્યાયાલયના નિવૃત ન્યાયાધીશ તથા દરેક રાજ્યમાંથી 2 થી 7 સહાયક સભ્યો જે લોકસભા અથવા વિધાનસભામાંથી ચૂંટાયેલ સભ્યોની નિમણૂંક કરવામાં આવે છે. જે ચૂંટણી મતવિસ્તારનું નવેસરથી સીમાંકન કરે છે. આ સીમાંકન આયોગનો નિર્ણય અંતિમ માનવામાં આવે છે તેની વિરુધ્ધ ન્યાયાલયમાં અપીલ થઈ શકત નથી. પરિસીમન આયોગની આ વ્યવસ્થા **'ઝેરીમેન્ડરીંગ'(Gerrymandering)** કહેવાય છે.

→ ચૂંટણીપંચ રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, સંસદ અને રાજ્ય વિધાનમંડળની ચૂંટણીઓનું નિયંત્રણ અને નિર્દેશન કરે છે. લોકસભા અથવા વિધાનસભાની ચૂંટણી પહેલા મતદારયાદીઓ નક્કી કરે છે.

→ રાજકીય પક્ષોને માન્યતા આપે છે. માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોને અનામત ચિન્હ પ્રદાન કરે છે. ચિન્હના મુદ્દે 2 રાજકીય પક્ષોમાં વિવાદ થાય તો પંચ ન્યાયપૂર્ણ ઉકેલ લાવે છે. પણ તેને સર્વોચ્ચ ન્યાયાલયમાં પડકારી શકાય છે.

→ રાજકીય પક્ષ ચૂંટણીઓ માટે સામાન્ય નિયમો બનાવે છે. ચૂંટણી તારીખ અને કાર્યક્રમ સંબંધી જાહેરનામું બહાર પાડે છે.

→ રાજકીય પક્ષો અને ઉમેદવારદ માટે ચૂંટણીપંચ આદર્શ આચાર સંહિતા નક્કી કરે છે.

→ સંસદસભ્યો અને વિધાનસભ્યોની અયોગ્યતા સંબંધી બાબતો પર ચૂંટણીપંચ અનુક્રમે રાષ્ટ્રપતિ અને સંબંધિત રાજ્યના રાજ્યપાલને સલાહ આપે છે.

→ રાજ્ય સ્તર પર પ્રાદેશિક ચૂંટણીપંચની સહાયતા મુખ્ય ચૂંટણી અધિકારી કરે છે. જેમની નિમણૂંક મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજ્ય સરકારની સલાહ પર કરે છે.

→ તેના નીચે જિલ્લાસ્તર પર જિલ્લા કલેક્ટર, જિલ્લા ચૂંટણી અધિકારી હોય છે. જે દરેક મતદાન કેન્દ્ર પર એક ચૂંટણી અધિકારીની નિમણૂંક કરે છે.

**યાદ રાખો મિત્રો**

→ રાજ્યોમાં થવાવાળી **સ્થાનિક સ્વરાજ્ય**ની ચૂંટણી સાથે ચૂંટણીપંચને કોઈ સંબંધ નથી. આ માટે ભારતના બંધારણમાં અલગ રાજ્ય ચૂંટણીપંચની વ્યવસ્થા કરવામાં આવી છે.(**73મો બંધારણીય સુધારો**)

❖ **ચૂંટણી પ્રક્રિયા :-**

→ ચૂંટણીપંચ સંસદ અથવા રાજ્ય વિધાનમંડળની સરકારની સહમતિથી ચૂંટણી કાર્યક્રમ નક્કી કરે છે.

→ ચૂંટણીપંચ ચૂંટણી કાર્યક્રમની જાહેરાત પરંતુ વાસ્તવિક રૂપમાં તેની શરૂઆત રાષ્ટ્રપતિ અને રાજ્યપાલના જાહેરનામા દ્વારા થાય છે.

→ ઉમેદવારને ફોર્મ ભરવા 8 દિવસનો સમય આપવામાં આવે છે.

→ ઉમેદવારના નામના પ્રસ્તાવ મૂકનાર વ્યક્તિઓ, ઉમેદવાર જે મતવિસ્તારમાં ઉમેદવારી નોંધવવાનો હોય ત્યાંનો મતદાતા હોવો આવશ્યક છે.

→ ઉમેદવારી નોંધાવવાની તારીખ પૂર્ણ થયા બાદ ચૂંટણી અધિકારી ઉમેદવારી ફોર્મની ચકાસણી કરે છે. જેમાં કોઈક ભૂલના કારણે ઉમેદવારી ફોર્મનો અસ્વીકાર પણ કરી શકે છે. ત્યારબાદ ઉમેદવારોને પોતાનું નામ પાછું ખેંચવા 2 દિવસનો સમય આપવામાં આવે છે. ત્યાર પછી ચૂંટણી અધિકારી

GK Master 95376 27593

ઉમેદવારોની અંતિમ યાદી જાહેર કરે છે તથા સ્વતંત્ર ઉમેદવારો અને રાજકીય પક્ષોને ચિન્હોની ફાળવણી કરે છે.

→ ઉમેદવારી ફોર્મ પાછું ખેંચવાના દિવસથી ઓછામાં ઓછા 20 દિવસ ચૂંટણી પ્રચાર માટે આપવામાં આવે છે.

→ ચૂંટણી ખર્ચ મતવિસ્તારમાં મતદાતાઓની સંખ્યાના આધારે નક્કી કરવામાં આવે છે, પરંતુ આ ખર્ચમાં પાર્ટીઓ દ્વારા પોતાના ઉમેદવારને આપવામાં આવતો ખર્ચ સામેલ કરવામાં આવતો નથી.

→ ચૂંટણીપ્રચાર મતદાનની તારીખથી 48 કલાક પહેલા બંધ કરી દેવામાં આવે છે.

## ભારતના ચૂંટણી કમિશ્નરો

| ક્રમ. | ચૂંટણી કમિશ્નરનું નામ | સમયગાળો |
|---|---|---|
| 1 | સુકુમાર સેન | 1950-58 |
| 2 | વી.કે.સુંદરમ્ | 1958-67 |
| 3 | એસ.પી.સેન વર્મા | 1967-72 |
| 4 | ડૉ.નાગેન્દ્ર સિંઘ | 1972-73 |
| 5 | ટી.સ્વામીનાથન | 1973-77 |
| 6 | એસ.એલ.શકધર | 1977-82 |
| 7 | આર.કે.ત્રિવેદી | 1982-85 |
| 8 | આર.વી.એસ.પેરીશાસ્ત્રી | 1985-90 |
| 9 | વી.એસ.રામાદેવી | 1990-90 |
| 10 | ટી.એન.સેશન | 1990-96 |
| 11 | એમ.એસ.ગીલ | 1996-2001 |
| 12 | જે.એમ.લિંગ્દોહ | 2001-2004 |
| 13 | ટી.એસ.ક્રિષ્નામૂર્તિ | 2004-2005 |
| 14 | બી.બી.ટંડન | 2055-2006 |
| 15 | એન.ગોપાલસ્વામી | 2006-2009 |
| 16 | નવીન ચાવલા | 2009-2010 |
| 17 | એસ.વાય.કુરેશી | 2010-2012 |
| 18 | વી.એસ.સામપથ | 2012-2015 |
| 19 | હરિશંકર બ્રહ્મા | 2015 |
| 20 | એસ.નસીમ ઝૈદી | 19-04-2015થી અત્યાર સુધી |

❖ **કેટલાક ચૂંટણી સુધારાઓ :-**

**1) EVM (Electronic Voting Machine) :-**

→ EVM એ મતદાન પ્રક્રિયા સરળતાથી સંપન્ન કરવાનું ઈલેક્ટ્રોનિક સાધન છે.

→ ભારતમાં ઈ.સ 1990માં દિનેશ ગોસ્વામી સમિતિએ સૌપ્રથમ EVM ના ઉપયોગની ભલામણ કરી હતી.

→ EVM નો સૌપ્રથમ ઉપયોગ ગોવાની વિધાનસભાની ચૂંટણીમાં કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સૌપ્રથમ 12મી લોકસભામાં EVMનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

→ EVMના કારણે બૂથ કેપ્ચરિંગ, ગેરકાયદેસર મતદાન, કાગળના ઉપયોગમાં ઘટાડો અને ચૂંટણી પ્રક્રિયા અને ચૂંટણીના પરિણામો ઝડપી થયા છે.

**2) એક્ઝિટ પોલ પર પ્રતિબંધ :-**

→ વર્ષ 2009માં ભારત સરકાર દ્વારા લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં ચૂંટણી દરમ્યાન **એક્ઝિટ પોલ** કરવા અને તેના પરિણામોના પ્રકાશન પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો.

→ ચૂંટણીપંચ દ્વારા નક્કી કરવામાં આવેલ સમયાવિધિ દરમ્યાન કોઈપણ પ્રકારના એક્ઝિટ પોલનું પ્રકાશન કરી શકાતો નથી.

→ વર્ષ 2011માં કેન્દ્ર સરકાર લોકસભા ચૂંટણીમાં ઉમેદવારની ખર્ચ મર્યાદા વધારી 40 લાખ રૂપિયા તથા વિધાનસભા ચૂંટણીમાં 16 લાખથી 40 લાખ રૂપિયા કરી.

**3) દોષી-દાગી સંસદ-વિધાન સભ્યોની સભ્યતા રદ :-**

→ 10 જુલાઈ 2013ના રોજ સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા લિલિ થોમસ vs ભારતીય સંઘવાદમાં ચુકાદો આપ્યો કે સંસદ સભ્ય કે રાજ્ય વિધાનમંડળના સભ્ય તરીકે ચાલુ હોય તેવા વ્યક્તિને કોઈ ગુના માટે 2 અથવા 2 થી વધુ વર્ષોની જેલની સજા થાય, તો તે તારીખથી તેમની સંસદ અથવા રાજ્ય વિધાનમંડળની સભ્યતા રદ થયેલી ગણાય છે.

GK Master 95376 27593

**4) જ્યુડિશીયલ કસ્ટડી (ન્યાયિક કેદ)ના અંતર્ગત વ્યક્તિને ચૂંટણી લડવા પર પ્રતિબંધ :-**

→ જુલાઈ 2013માં સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા આપવામાં આવેલ ચુકાદામાં ન્યાયાલયે એવા વ્યક્તિઓને ચૂંટણી લડવા પર પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે જે જેલમાં અથવા પોલીસ કસ્ટડીમાં હોય.

**5) VVPAT (Votter Varified Paper Audit Trial) :-**→ આ વ્યવસ્થામાં મતદાર દ્વારા EVMમાં મત આપ્યા પછી પ્રિન્ટર જેવા ઉપકરણમાંથી એક પાવતી (રસીદ) નીકળે છે. જેમાં મતદારે જેને વોટ આપ્યો હોય તે ઉમેદવારનું નામ અને ચિન્હ આવે છે. જેથી મતદારનો મત યોગ્ય જગ્યાએ પડયો છે તેની પૃષ્ટિ થાય છે.

**યાદ રાખો મિત્રો**

→ સૌપ્રથમ **VVPAT** નો ઉપયોગ વર્ષ **2013**માં **નાગાલેન્ડના ત્વેનસાંગમાં નોકસેન** વિધાનસભા ચૂંટણી વિસ્તારમાં થયો હતો.

**યાદ રાખો મિત્રો**

→ ભારતના બંધારણના **ભાગ-15**માં ચૂંટણી અંગે જોગવાઈ કરવામાં આવી છે તથા **અનુચ્છેદ-324**માં ચૂંટણીપંચ અંગે જોગવાઈ કરવામાં આવી છે.

→ વર્તમાનમાં ચૂંટણીપંચ **3** સભ્યો ધરાવતી સંસ્થા છે.

→ ચૂંટણીપંચના મુખ્ય ચૂંટણી કમિશ્નરનો કાર્યકાળ **6 વર્ષ અથવા 65 વર્ષ(ઉંમર)** બંનેમાંથી જે વહેલા પૂરા થાય ત્યાં સુધી રહે છે.

→ ચૂંટણીપંચના અધ્યક્ષ અને અન્ય કમિશ્નરોને હટાવવા માટે **રાષ્ટ્રપતિ**ને હટાવવા જેવી મહાભિયોગ પ્રક્રિયાનો ઉપયોગ થાય છે.

→ ભારતનું ચૂંટણીપંચ રાષ્ટ્રપતિ,ઉપરાષ્ટ્રપતિ,લોકસભા,રાજ્યસભા,વિધાનસભા અને વિધાનપરિષદની ચૂંટણીઓનું નિયંત્રણ અને નિયમન કરે છે.

→ ભારતમાં કોઈપણ **રાજકીય પક્ષ**ને માન્યતા અને **ચિન્હ** ભારતનું **ચૂંટણીપંચ** પ્રદાન કરે છે.

→ ચૂંટણીઓ માટે આદર્શ **આચાર સંહિતા** નક્કી કરવાનું કામ **ચૂંટણીપંચ**નું છે.

→ સંસદ અથવા રાજ્ય વિધાનમંડળની ચૂંટણીમાં ઉમેદવારને ફોર્મ ભરવા માટે **8 દિવસ**નો સમય આપવામાં આવે છે.

→ સંસદ અને રાજ્ય વિધાનમંડળની ચૂંટણીમાં મતદાનના **48 કલાક** પહેલા ચૂંટણી પ્રચાર બંધ કરી દેવામાં આવે છે.

→ ભારતના સૌપ્રથમ ચૂંટણી કમિશ્નર **સુકુમાર સેન** હતા.

→ ભારતની ચૂંટણી વ્યવસ્થામાં સુધારા માટે **તારાકુંડે સમિતિ તથા ગોસ્વામી સમિતિ**ઓની ભલામણો જાણીતી છે.

→ ભારતમાં સૌપ્રથમ લોકસભાની સામાન્ય ચૂંટણીઓ ઈ.સ 1952માં થઈ હતી.

→ ભારતની ચૂંટણી પધ્ધતિ **બ્રિટન** દેશમાંથી લેવામાં આવી છે.

→ **લોકો દ્વારા પ્રતિનિધિઓ ચૂંટવા તેને પ્રત્યક્ષ ચૂંટણી કહેવામાં આવે છે.**

→ મતદારયાદીમાં મતદારોની નોંધણી માટે **ચૂંટણીપંચ** જવાબદાર છે.

GK Master 95376 27593

→ ભારતમાં મુખ્ય ચૂંટણી કમિશ્નર અને અન્ય 2 ચૂંટણી કમિશ્નરોની નિમણૂંક અને રાજીનામું **રાષ્ટ્રપતિ** કરે છે.

→ **ચૂંટણી ક્ષેત્રમાં ચૂંટણી માટે જવાબદાર હોય તથા પરિણામની જાહેરાત કરે તે અધિકારીને રિટર્નિંગ અધિકારી કહેવામાં આવે છે.**

→ **'પરિસીમન(સીમાંકન) આયોગ'**નો અધ્યક્ષ **મુખ્ય ચૂંટણી કમિશ્નર** હોય છે.

→ ભારતમાં વિવિધ રાજકીય પક્ષોને **'રાષ્ટ્રીય પક્ષ'** અને **'રાજ્ય પક્ષ'** નો દરજ્જો **ચૂંટણીપંચ** આપે છે.

→ પેટા ચૂંટણી ગમે ત્યારે થઈ શકે છે.

→ કોઈપણ વ્યક્તિ લોકસભા કે વિધાનસભામાં **2** બેઠકો પરથી ચૂંટણી લડી શકે છે.

→ ભારતમાં સાર્વજનિક મતાધિકારના આધારે સૌપ્રથમ ચૂંટણી **ઈ.સ 1952**માં કરવામાં આવી હતી.

→ ભારતમાં પ્રથમવાર મહિલાઓને મતાધિકાર **ઈ.સ 1926**માં આપવામાં આવ્યો હતો.

→ કોઈ ચૂંટણી દરમ્યાન કોઈ રાજકીય પક્ષના ઉમેદવારનું મૃત્યુ થતાં **7** દિવસમાં બીજો ઉમેદવાર ઉભો કરવી જરૂરી બને છે.

→ મુખ્ય ચૂંટણી કમિશ્નરનો પગાર પ્રતિમાસ **90,000/-** રૂપિયા છે.

→ અન્ય ચૂંટણી કમિશ્નરોનો પગાર પ્રતિમાસ **33,000/-** રૂપિયા છે.

→ મુખ્ય ચૂંટણી કમિશ્નર સાથે રહેલા અન્ય 2 ચૂંટણી કમિશ્નરોનો કાર્યકાળ **62** વર્ષ(ઉંમર) અથવા **6** વર્ષ બંનેમાંથી જે વહેલા પૂરા થાય ત્યાં સુધી હોય છે.

→ લોકસભા અથવા વિધાનસભાની ચૂંટણીમાં કોઈપણ ઉમેદવાર જ્યારે તે કુલ મતદાનના **1/6** મત ન પ્રાપ્ત કરી શકે ત્યારે તેની ડીપોઝિટ ગુમાવે છે.

→ ભારતમાં **ઈ.સ 1998**ની ચૂંટણીમાં **EVM (Electronic Voting Machine)** નો પ્રયોગ શરૂ થયો હતો.

GK Master 95376 27593

GK Master - Shyamkumar Parmar (Junagadh)